કે.કે. NEWS
તારીખ : 19/09/2026

# રાધાષ્ટમી

## રાધારાણીની ભક્તિ, પ્રેમ અને સમર્પણનો પાવન પર્વ



હિંદુ ધર્મમાં રાધાષ્ટમીનું પર્વ વિશેષ ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવે છે. ભગવાન શ્રીકૃષ્ણની પરમ પ્રિય અને ભક્તિના સ્વરૂપ ગણાતી શ્રી રાધારાણીના પ્રાગટ્ય દિવસ તરીકે રાધાષ્ટમીની ઉજવણી કરવામાં આવે છે.

જન્માષ્ટમીના થોડા દિવસો બાદ આવતી રાધાષ્ટમી ભક્તિ, પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણની ભાવનાને ઉજાગર કરતું પાવન પર્વ છે.રાધારાણીનું નામ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ સાથે અવિભાજ્ય રીતે જોડાયેલું છે. રાધા એટલે નિઃસ્વાર્થ પ્રેમ, અખંડ ભક્તિ અને સંપૂર્ણ સમર્પણનું પ્રતિક. રાધારાણીની ભક્તિમાં કોઈ સ્વાર્થ નથી, માત્ર શ્રીકૃષ્ણ પ્રત્યેનો નિર્મળ પ્રેમ અને અતૂટ શ્રદ્ધા છે.

આથી રાધાષ્ટમીના પર્વને આધ્યાત્મિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.રાધાષ્ટમીના દિવસે વિવિધ મંદિરોમાં શ્રી રાધા-કૃષ્ણની વિશેષ પૂજા-અર્ચના, અભિષેક, શણગાર, આરતી, ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. ભક્તો રાધારાણીના દર્શન કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. અનેક સ્થળોએ રાધારાણીના ભવ્ય શણગાર અને દર્શનનું આયોજન કરવામાં આવે છે.રાધાષ્ટમીનો સંદેશ માત્ર ધાર્મિક આસ્થા પૂરતો સીમિત નથી, પરંતુ જીવનમાં પ્રેમ, કરુણા, નમ્રતા, સેવા અને સમર્પણ જેવા ગુણો અપનાવવાનો પણ છે.

રાધારાણીના નિર્મળ પ્રેમ અને ભક્તિમાંથી પ્રેરણા લઈ સૌના જીવનમાં સદભાવ, શાંતિ અને આધ્યાત્મિક ચેતનાનો પ્રકાશ પ્રગટે તેવી ભાવના સાથે રાધાષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવે છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

## હવેથી નવા સરનામે

**એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા**




## સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોક્સ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.

**એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..**

**આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...**

| | | |
|---|---|---|
| હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી<br>મો. 98248 17492 | હાજી અમજદભાઈ એસ. શેખાણી<br>મો. 95742 02753 | જુનેદભાઈ એસ. શેખાણી<br>મો. 97235 95955 |

કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

# ગુજરાતી લોકસંગીત ના અગ્રણી કલાકાર એવા પદ્મ શ્રી ભીખુદાનભાઈ ગઢવી નો આજે જન્મદિવસ





19 સપ્ટેમ્બર 1948ના રોજ પોરબંદર જિલ્લાના ખીજદડ ગામે શ્રી ભીખુદાન ભાઈ ગઢવી નો જન્મ થયેલ. ભીખુદાન ભાઈ ને ગાયન ની કળા વારસામાં મળેલ. આમ બાળપણ થીજ ગાયન તરફ આકર્ષાયેલ. ઉપરાંત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીઅને શ્રી દુલાભાયા કાગ જેવા પ્રખર લોકસાહિત્યકારો ના સર્જન થી એમને પ્રેરણા મેળવી. તેઓએ ખમીરવંતી ભૂમિ સૌરાષ્ટ્ર ની ભક્તિ,શૌર્ય, સંસ્કાર, ખાનદાની -ખુમારી, ની લોકકથા ઓને પોતાની આગવી શૈલી માં લોકો સમક્ષ રજુ કરી આ ઈતિહાસ ને અમર કરવાનું શ્રેય પદ્મ શ્રી ભીખુદાનભાઈ ને જાય છે.ગુજરાતની સંસ્કૃતિ, લોકસાહિત્ય, પૌરાણિક વાતો, કરુણ રસ, માર્મિકહાસ્ય વગેરે ને ખુબજ અદભુત રીતે પીરસી લોકો ને મંત્રમુગ્ધ કરે છે. ગુજરાતી લોક સાહિત્ય ને રાજય ના સીમાડા વટાવી દેશ -વિદેશ માં પહોંચાડવા માં તેઓ શ્રી નું અમૂલ્ય યોગદાન રહ્યું છે. મુખ્યત્વે વિદેશ ની ધરતી જેવી કે યુ.એ.ઈ., કેનેડા, યુ.એસ.એ.,યુ.કે., આફ્રિકા, ઈન્ડોનેશિયા, મોરેશિયસ, ઉપરાંત જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં વિદેશ માં લગભગ દરેક જગ્યા એ કાર્યક્રમો આપી લોકસાહિત્ય ને જીવંત રાખવામાં તેઓનું અનેરું યોગદાન રહેલ છે.લોક સંગીત ના અગ્રણી કલાકાર એવા શ્રી ભીખુદાનભાઈ ગઢવી ને અનેક સન્માનો થી સન્માનિત કરવામાં આવેલ છે જેમાંથી મુખ્યત્વે સંગીત નાટ્ય અકાદમી પુરસ્કાર , કાગપુરસ્કાર, પદ્મશ્રી પુરસ્કાર થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.તેઓતરફ થી ડાયરા ને માત્ર મનોરંજન તરીકે નહી પરંતુ લોક સાહિત્ય ના સવાહંક તરીકે જીવંત રાખી અમૂલ્ય યોગદાન સાંપડે છે.જાહેર કાર્યક્રમો આપી લોકસંગીત ના પ્રચાર -પ્રસાર માં તેઓનુંઅમૂલ્ય નોંધપાત્ર યોગદાન બદલ આવનાર પેઢી અને સાહિત્યપ્રેમીઓ માટે સદાય ઋણી રહેશે. હાલ જૂનાગઢ સ્થિત પદ્મ શ્રી ભીખુદાનભાઈ ગઢવી પરિવાર સાથે એકદમ તંદુરસ્ત નિવૃતજીવન પસાર કરી રહ્યા છે.ત્યારે તેઓ શ્રી ને સાહિત્ય પ્રેમીઓ વતી જન્મદિવસ ની ખુબ ખુબ શુભકામના.

(અહેવાલ :દિલુભાઈ એમ. ખુમાણ.)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


હા...હા... ઈનામો સોનિકમાં ભાગ લીધેલ ગ્રાહકમિત્રો માટે જ આવશે...હા...હા...હા...

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ ખરીદી પર એક માલામાલ કુપન ‘ફ્રી’

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 19/09/2026

# મોંઘીબા મહિલા કૉલેજના એન.સી.સી.કેડેટ્સ દ્વારા 'નશામુક્તિ જાગૃતિ અભિયાન' અંતર્ગત રેલીનું આયોજન કરાયું




શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી તથા 3 Guj Girls BN NCC, Bhavnagarના સંયુક્ત ઉપક્રમે તા.18-09-2026 ના રોજ 'નશામુક્તિ જાગૃતિ અભિયાન' અંતર્ગત Anti-Drug Awareness Rallyનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલીમાં કુલ 48 N C C કેડેટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનો અને સમાજમાં નશાના દુષ્પરિણામો અંગે જાગૃતિ ફેલાવવાનો તથા નશામુક્ત સમાજના નિર્માણ માટે જનજાગૃતિ લાવવાનો હતો.

કેડેટ્સ દ્વારા "નશાને કહો ના – જીવનને કહો હા", "નશામુક્ત યુવા – સશક્ત ભારત" જેવા વિવિધ જાગૃતિ સૂત્રો સાથે રેલી યોજવામાં આવી હતી. કેડેટ્સે લોકોને નશાથી થતા શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન અંગે માહિતગાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી ડો. વિલાસબેન સોરઠિયા, A N O Lt. મનીષા સાગઠિયા, કોલેજ સ્ટાફ તથા 48 N C C કેડેટ્સની ઉપસ્થિતિ અને સહયોગ રહ્યો હતો. કાર્યક્રમના અંતે સૌ એ નશામુક્ત સમાજના નિર્માણ માટે જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ લીધો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 1 24 1 916








## અરે... વાહ...

## ૯,૯૯૯ સુધી

## કરોડોની કિંમતના ઈનામો!

## હા, સાચું વાંચ્યું.

# તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ

# શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 19/09/2026

# સેવા મારું યોગદાન અંતર્ગત અમરેલી જિલ્લામાં રક્તદાન કેમ્પો યોજાયા

## વિવિધ તાલુકાઓમાં યોજાયેલા રક્તદાન કેમ્પોમાં કુલ ૩૩૬ યુનિટ રક્ત એકત્રિત



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સમગ્ર દેશમાં યોજાઈ રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં 'સેવા મારુ યોગદાન' કાર્યક્રમ હેઠળ વિવિધ તાલુકાઓમાં રક્તદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય અભિયાનમાં નાગરિકો તેમજ યુવા રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક જોડાઈ માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.અમરેલી જિલ્લામાં યોજાયેલા વિવિધ રક્તદાન કેમ્પોમાં કુલ ૩૩૬ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જેમાં જાફરાબાદના બંદર જેટી પીપળી કાંઠા ખાતે ૧૦૪ યુનિટ, બાબરા ખાતે ૬૯ યુનિટ, રાજુલા ખાતે ૫૧ યુનિટ, સાવરકુંડલા ખાતે ૩૩ યુનિટ, કુંકાવાવ ખાતે ૩૧ યુનિટ, બગસરા ખાતે ૨૨ યુનિટ તથા અમરેલી તાલુકાના વાંકીયા ખાતે ૧૫ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. આ ઉપરાંત ધારી તાલુકાના દિતલા ખાતે પણ રક્તદાન કેમ્પ યોજાયો હતો.રક્તદાન એ માનવતાની સૌથી મહાન સેવાઓ પૈકીની એક છે. અકસ્માતગ્રસ્તો, પ્રસૂતિ દરમિયાન રક્તની જરૂરિયાત ધરાવતી મહિલાઓ, ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓ તેમજ અન્ય જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્ત જીવનદાયી સાબિત થાય છે. એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું રક્તદાન અનેક જરૂરિયાતમંદોના જીવનમાં આશાનું કિરણ બની શકે છે.'સેવા મારું યોગદાન' અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં યોજાયેલા આ રક્તદાન કેમ્પોમાં મોટી સંખ્યામાં લોકોની ભાગીદારીથી સેવા, સહકાર અને માનવતાની ભાવના વધુ મજબૂત બની હતી. રક્તદાતાઓએ નિઃસ્વાર્થ ભાવનાથી રક્તદાન કરી સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી.આ સમગ્ર અભિયાન દ્વારા *"રક્તદાન મહાદાન"*નો સંદેશ જનજન સુધી પહોંચ્યો છે અને સેવાભાવથી જોડાયેલા નાગરિકો તથા યુવા રક્તદાતાઓની સામાજિક જવાબદારીની ભાવના ઉજાગર થઈ છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS


તારીખ : 19/09/2026

# શ્રી નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત જે. વી. મોદી હાઈસ્કૂલમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા યોજાઈ



સાવરકુંડલા, તા. 19 સપ્ટેમ્બર 2026: સાવરકુંડલાની શ્રી જે. વી. મોદી હાઈસ્કૂલ ખાતે શનિવારના રોજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં શાળાના કુલ 81 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પરીક્ષાના વ્યવસ્થાપક અને સંચાલક તરીકે શ્રી વિમલભાઈ પંડ્યાએ જવાબદારી સંભાળી હતી, જ્યારે સહાયક તરીકે શ્રી યોગેશભાઈ ચૌહાણ તથા શ્રી હિતેશભાઈ સોઢીયાએ સેવાઓ આપી હતી. વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો અને જ્ઞાન પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી યોજાયેલી આ શૈક્ષણિક પ્રવૃત્તિને વિદ્યાર્થીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.આ સમગ્ર શૈક્ષણિક આયોજન માટે નૂતન કેળવણી મંડળનાં પ્રમુખશ્રી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખશ્રી કનુભાઈ ગૅડિયા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મકુંદભાઈ નાગ્રેચા તથા સમગ્ર ટ્રસ્ટી મંડળે શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.વિદ્યાર્થીઓને આવી જ્ઞાનવર્ધક અને સંસ્કારલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સતત જોડાવા માટે પ્રોત્સાહન તથા સહકાર આપવા બદલ જે. વી. મોદી હાઈસ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી જીતુભાઈ ભટ્ટ દ્વારા પણ સંસ્થાના હોદ્દેદારો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 19/09/2026

# આંબરડી શાળાના સ્ટાન્ડર્ડ ક્લબના વિદ્યાર્થીઓની ન્યૂ કોલા કંપનીની શૈક્ષણિક મુલાકાત




શ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આંબરડી ખાતે કાર્યરત સ્ટાન્ડર્ડ ક્લબના 25 વિદ્યાર્થીઓએ રાજુલા સ્થિત ન્યૂ કોલા પ્રાઈવેટ કંપનીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.મુલાકાત દરમિયાન કંપનીના મેનેજર તથા સ્ટાફમિત્રોએ વિદ્યાર્થીઓને કંપનીના વિવિધ યુનિટની મુલાકાત કરાવી ઉત્પાદન પ્રક્રિયા, પ્રોડક્ટ, મેનેજમેન્ટ અને માર્કેટિંગ અંગે પ્રત્યક્ષ અને રસપ્રદ માહિતી આપી હતી. વર્ગખંડના જ્ઞાનને ઔદ્યોગિક જગતની વાસ્તવિક કામગીરી સાથે જોડતી આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી બની હતી.આ મુલાકાત દરમિયાન સ્ટાન્ડર્ડ ક્લબ લાઈઝન દિપકભાઈ વિરડા સાથે પ્રકાશભાઈ માધડ તથા પ્રજ્ઞાબેન મહેતા જોડાયા હતા.આ સમગ્ર શૈક્ષણિક પ્રવૃત્તિ બદલ શાળાના આચાર્યશ્રી એમ. ડી. માલવિયા તથા મેનેજિંગ ટ્રસ્ટીશ્રી દિપકભાઈ માલાણીએ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.






નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

## બ્રાન્ડ તો બનાવવી જ પડે..




ડીઝીટલ પ્લેટફોર્મ પર હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ®

હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાના ધંધો ઓનલાઈન લોન્ચ કરો અને બનાવો તમારા પોતાના

**ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ**

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ તમારા બિઝનેસને આપો

**એક નવી ડિજિટલ ઓળખ !**

માત્ર 299 + GST પ્રતિ વર્ષ

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

વધુ માહિતી માટે સંપર્ક :

**દોશી કાંતિલાલ દલીચંદ**

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડિઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

તારીખ : 19/09/2026

# હાર્દિક અભિનંદન

## સાવરકુંડલા નાગરિક બેંકના

## નવનિયુક્ત હોદ્દેદારો



**ધર્મેન્દ્રભાઈ ચૌહાણ**
ચેરમેન



**રૂપલબેન ત્રિવેદી**
વાઈસ ચેરમેન



**ગૌતમ સાવજ**
મેનેજિંગ ડિરેક્ટર



તારીખ : 19/09/2026

# લાઠીની 'લાલજી દાદાનો વડલો' હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો પ્રારંભ



## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે સેવાભાવ સાથે આરોગ્ય સેવાનો વિશેષ પ્રારંભ

અમરેલી જીલ્લાના લાઠી શહેરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે 'લાલજી દાદાનો વડલો' હોસ્પિટલ દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયાના માર્ગદર્શન હેઠળ સેવાભાવ અને જનકલ્યાણની ભાવનાને કેન્દ્રમાં રાખીને આ વિશેષ આરોગ્ય સેવા શરૂ કરવામાં આવી છે.આ પહેલ અંતર્ગત જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઓપીડી સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલબ્ધ રહેશે. આરોગ્ય સંબંધિત સમસ્યાઓ ધરાવતા લોકો નિષ્ણાત તબીબી માર્ગદર્શન મેળવી શકશે. સાથે સાથે દર્દીઓની સુવિધા અને સમયસર નિદાન માટે જરૂરી લેબોરેટરી ટેસ્ટ તેમજ એક્સ-રે જેવી તપાસો પણ નિઃશુલ્ક કરવામાં આવશે.લાઠી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના જરૂરિયાતમંદ પરિવારોને આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે તે હેતુથી શરૂ કરવામાં આવેલી આ પહેલ માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે. આ સેવા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સારવાર અને જરૂરી તબીબી તપાસ માટે રાહત મળશે.

'લાલજી દાદાનો વડલો' દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓમાં આ નિઃશુલ્ક આરોગ્ય સેવા વધુ એક મહત્વપૂર્ણ પહેલ બની છે. સેવા, સહકાર અને જનકલ્યાણની ભાવનાથી શરૂ કરાયેલ આ અભિયાનનો લાભ વધુમાં વધુ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તેવો આશય વ્યક્ત કરવામાં આવ્યો છે.

કે.કે. NEWS

તારીખ : 19/09/2026

# શ્રી કે.કે હાઈસ્કૂલ BIS ક્લબના વિદ્યાર્થીઓની રાજુલા ખાતે ઔદ્યોગિક મુલાકાત...




સાવરકુંડલા, તા. ૧૮ જૂન, ૨૦૨૬:શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાના BIS ક્લબના વિદ્યાર્થીઓ માટે રાજુલા સ્થિત ન્યૂ ગુજરાત કોલા પ્રાઈવેટ લિમિટેડ ખાતે ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ કોલ્ડડ્રિંક્સના ઉત્પાદનથી લઈને ફિલિંગ, સીલિંગ, લેબલિંગ, પેકેજિંગ તથા ગુણવત્તા નિયંત્રણ સુધીની વિવિધ પ્રક્રિયાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. કંપનીના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન પ્રક્રિયા, મશીનરી, સ્વચ્છતા, સલામતી અને ગુણવત્તા જાળવણી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી દ્વારા ઔદ્યોગિક પ્રક્રિયાઓ અંગે વ્યવહારુ જ્ઞાન મેળવ્યું હતું.આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને B I S માનકો, ગુણવત્તા અને ગ્રાહક જાગૃતિ અંગે વર્ગખંડના અભ્યાસને વાસ્તવિક ઔદ્યોગિક પરિસ્થિતિ સાથે જોડવાનો અમૂલ્ય અનુભવ મળ્યો હતો.આ સમગ્ર મુલાકાતનું માર્ગદર્શન અને સંકલન BIS મેન્ટર શિક્ષક શ્રી સાગર વડોદરિયા અને શ્રી અજય ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

મુલાકાત સફળ બનાવવા બદલ B I S રાજકોટ શાખા, ન્યૂ ગુજરાત કોલા પ્રાઈવેટ લિમિટેડના સંચાલકશ્રી તથા સ્ટાફનો શાળા પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.શાળાના આચાર્ય શ્રી ચેતનકુમાર એન. ગુજરીયા તથા શ્રી નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓના માર્ગદર્શન અને સહયોગથી યોજાયેલી આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી બની હતી.

કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

# પાડરશિંગાના વિદ્યાર્થી કેવલ ડાભીએ યોગાસનમાં જિલ્લામાં મેળવ્યો દ્વિતીય ક્રમ



## અમરેલી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઝળહળતી સફળતા મેળવી હવે રાજ્યકક્ષાએ કરશે પ્રતિનિધિત્વ

લાઠી તાલુકાના પાડરશિંગા કુમાર પ્રાથમિક શાળાના વિદ્યાર્થી કેવલ સંજયભાઈ ડાભીએ યોગાસન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા તથા સમગ્ર પાડરશિંગા ગામનું ગૌરવ વધાર્યું છે. અમરેલી જિલ્લા કક્ષાની યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં કેવલે શાનદાર રમતગમત કૌશલ્યનું પ્રદર્શન કરી દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.વિદ્યાસભા સ્કૂલ ખાતે યોજાયેલી અમરેલી જિલ્લા કક્ષાની યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કેવલે એકાગ્રતા, શારીરિક સંતુલન અને યોગાસનની વિવિધ મુદ્રાઓમાં પોતાની પ્રતિભા દર્શાવી નિર્ણાયકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. સતત મહેનત અને નિયમિત અભ્યાસના પરિણામે તેણે દ્વિતીય ક્રમ હાંસલ કરી શાળાનું નામ રોશન કર્યું છે.જિલ્લા કક્ષાએ મળેલી આ સફળતા બાદ હવે કેવલ આગામી દિવસોમાં યોજાનારી રાજ્યકક્ષાની યોગાસન સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા માટે સજ્જ થયો છે. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ સફળતા બાદ રાજ્યકક્ષાએ પસંદગી થતાં કેવલના પરિવારજનો, શિક્ષકો, સહપાઠીઓ તેમજ ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.કેવલની આ સિદ્ધિ પાછળ શિક્ષણ સાથે યોગાસનની નિયમિત તાલીમ અને માર્ગદર્શનનો પણ મહત્વનો ફાળો રહ્યો છે. કેવલને તેના શિક્ષક તથા યોગકોચ કમલેશ કે. તરખાલા દ્વારા સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. કેવલની સિદ્ધિ બદલ શાળા પરિવાર, દામનગર-૨ પે-સેન્ટરના CRC આચાર્ય તેમજ વિવિધ સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો દ્વારા તેને અભિનંદન પાઠવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.કેવલ ડાભીની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે. શિક્ષણની સાથે યોગ અને રમતગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તો ગ્રામ્ય વિસ્તારની પ્રતિભાઓ પણ જિલ્લા અને રાજ્ય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે છે, તેનું આ સફળતા ઉત્તમ ઉદાહરણ બની છે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં પણ કેવલ શ્રેષ્ઠ પ્રદર્શન કરી પાડરશિંગા તથા અમરેલી જિલ્લાનું નામ વધુ ઉજ્જવળ કરે તેવી સૌએ શુભેચ્છા પાઠવી હતી.

પ્રકાશ પ્રિન્ટર્સ

# તમારા બિઝનેસ
## લોગો અને ડિટેલ સાથે
# પોસ્ટર મેળવો

માત્ર
રૂ. 249
1વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઈસની)**

**વોટ્સેપ + ફેઈસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે**


ફેસ્ટીવલ ઈમેજ


ગુડ મોર્નિંગ પોસ્ટ


ગુડ નાઈટ પોસ્ટ


બર્થ ડે પોસ્ટ


પોલીટીકલ પોસ્ટ


સુવિચાર પોસ્ટ


મોટીવેશનલ પોસ્ટ


સ્પેશ્યલ કેટેગરી


સુપ્રસિધ્ધ સ્થાનીક સંતો
મહંતોના જન્મ જયંતી
તેમજ જન્મદિવસની
પોસ્ટ સમાવેશ

**તો આજેજ ડાઉલોડ કરો**

આપનાં એન્ડ્રોઈડ મોબાઈલનાં
પ્લેસ્ટોરામાં જઈને

GET IT ON
Google Play

# PRAKASH
# PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક – મો. 9409545745

તારીખ : 19/09/2026

# ખેલ મહાકુંભ-૨૦૨૬માં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ

## તા.૨૨ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે : ખેલાડીઓ વધુમાં વધુ બે રમતમાં ભાગ લઈ શકશે

અમરેલી તા.૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ - રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલ મહાકુંભ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ ખેલ મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ તા. ૨૨-૦૯-૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.ખેલાડીઓએ નિયત સમય મર્યાદામાં https://khelmahakumbh.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.ખેલ મહાકુંભમાં દરેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે. કોઈપણ ખેલાડી બે કરતાં વધુ રમતમાં ભાગ લઈ શકશે નહીં. એક જ KM IDથી બે રમતમાં રજિસ્ટ્રેશન કરાવનાર ખેલાડી વિજેતા બને તો બંને રમતોના રોકડ પુરસ્કાર માટે પાત્ર રહેશે. જે ખેલાડીઓ પાસે અગાઉનો KM ID હોય, તેમણે ફરજિયાત જૂના KM IDથી જ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ વયજૂથમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓએ પોતાની શાળા મારફતે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જ્યારે કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરાવી શકશે.વધુમાં ૪૦ અને ૫૦ વર્ષથી ઉપરના ખેલાડીઓ, ઓપન એઈઝ ગ્રૂપના ખેલાડીઓ તેમજ અભ્યાસ ન કરતા ખેલાડીઓ પણ પોતપોતાના વયજૂથ પ્રમાણે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતેથી અથવા પોતાના મોબાઈલ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ખેલ મહાકુંભ-૨૦૨૬ના રજિસ્ટ્રેશન અંગે વધુ વિગતો મેળવવા માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાનાની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં કોઈ તકલીફ જણાય તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૭૪૬૧૫૧ પર સંપર્ક કરી શકાશે.

તારીખ : 19/09/2026

# ધારી સબ ડિવિઝનમાં હંગામી ફટાકડાના વેચાણ માટે લાયસન્સ મેળવવા તા. ૧૨ ઓક્ટોબર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ - તા. ૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ દિવાળીના તહેવાર દરમિયાન ધારી સબ ડિવિઝનમાં આવતા ધારી અને ખાંભા તાલુકામાં હંગામી-ટેમ્પરરી ફટાકડાનું વેચાણ કરવા ઈચ્છુક વેપારીઓએ ફટાકડાના સંગ્રહ અને વેચાણ માટે સુરક્ષિત સ્થળની વ્યવસ્થા કરી નિયત પ્રક્રિયા મુજબ લાયસન્સ મેળવવા અરજી કરવાની રહેશે.ફટાકડાના વેચાણ માટેના સ્થળે રહેણાંક મકાન તથા અન્ય સ્થળોથી ઓછામાં ઓછું ૫૦ મીટરનું અંતર જાળવવાનું રહેશે. તેમજ ફટાકડાના સ્ટોલની આસપાસ જ્વલનશીલ પદાર્થો ન હોય તથા સુરક્ષાના નિયમોનું પાલન થાય તે જરૂરી રહેશે. કામચલાઉ શેડમાં ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માટે પણ નિયત ધોરણો મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.લાયસન્સ મેળવવા માંગતા અરજદારોએ ફોર્મ નં. એ.ઈ. ૦૫માં અરજી કરવાની રહેશે. અરજદારોએ જરૂરી વિગતો સાથે અરજી રજૂ કરવાની રહેશે. સદરહુ લાયસન્સ મેળવવા માંગતા અરજદારોએ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ધારી કચેરીને તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં અરજી કરવાની રહેશે.નિયત ફોર્મ એ.ઈ.૦૫માં ઠરેલ નમૂનામાં સંપૂર્ણ વિગતો સુચિત કરી અરજી કરવાની રહેશે તથા અરજીમાં સ્થળનો સચોટ નકશો દર્શાવી અરજદારની સહી સાથે સ્થળ દર્શાવતો નકશો જોડવાનો રહેશે, અરજી ઉપર રૂ. 3-00ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવવાની રહેશે. અરજી સાથે લાયસન્સ ફી રૂ. ૯૦૦/- ("0070-60-103-00") ના સદરે ચલણની નકલ તથા જરૂરી અન્ય દસ્તાવેજો જોડવાના રહેશે. સૂચિત સ્થળનો બ્લુ પ્રિન્ટ નકશો અરજદારની સહી સાથે અરજી સાથે ત્રણ નકલમાં રજૂ કરવાનાં રહેશે. સૂચિત સ્થળની માલિકી-ભાડા હક્ક ધરાવતા હોવા અંગેના આધાર-પુરાવા પણ નિયત અરજી સાથે જોડવાના રહેશે. અધૂરી વિગતો અથવા જરૂરી પુરાવા વિના રજૂ કરવામાં આવેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં, તેમ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ધારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક



## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેડોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 19/09/2026

# લાઠીમાં બાળ ગણેશ ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવની ભક્તિમય ઉજવણી



અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં ગણેશ મહોત્સવ નિમિત્તે કલાપી પાર્ક નજીક બાળ ગણેશ ગ્રુપ દ્વારા ભગવાન શ્રી ગણેશજીની ભવ્ય સ્થાપના કરવામાં આવી છે. ગણપતિ મહોત્સવને લઈને શહેરમાં ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે અને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.બાળ ગણેશ ગ્રુપ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવ દરમિયાન દરરોજ સવાર-સાંજ ભગવાન શ્રી ગણેશજીની મહા આરતી સહિત વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આરતીના સમયે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ભગવાન શ્રી ગણેશજીના દર્શન તથા પૂજન-અર્ચનનો લાભ લઈ રહ્યા છે.ગણેશજીની સુંદર સજાવટ અને ભક્તિમય વાતાવરણ સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. નાના બાળકો સહિત શહેરના ભક્તજનો ઉત્સાહપૂર્વક ગણેશ મહોત્સવમાં જોડાઈ રહ્યા છે. સમગ્ર આયોજનમાં *"ગણપતિ બાપ્પા મોરિયા"*ના જયઘોષ સાથે ભક્તિ અને આનંદનો માહોલ છવાયો છે.બાળ ગણેશ ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવના દિવસો દરમિયાન ધાર્મિક પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને શહેરના ધાર્મિક વાતાવરણને વધુ જીવંત બનાવવામાં આવી રહ્યું છે.

કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

# સાવરકુંડલાના મુસ્લિમ ખેડૂત યુવક દ્વારા વડાપ્રધાનશ્રીના જન્મદિવસે દીર્ઘાયુની પ્રાર્થના



સાવરકુંડલાના મુસ્લિમ ખેડૂત યુવક દ્વારા દેશના માનનીય વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે વડાપ્રધાનશ્રી તેમજ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને સુખ-શાંતિ માટે ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી.આ શુભ પ્રસંગે ખેડૂત યુવક એ 'મન કી બાત' કાર્યક્રમ અને તેના આશીર્વાદ દેશના દરેક નાગરિક સુધી પહોંચે તેવી મનોકામના વ્યક્ત કરી હતી.વધુમાં, ખેડૂતોની હાલાકી અંગે રજૂઆત કરતા એ જણાવ્યું હતું કે છેલ્લા સતત ત્રણ વર્ષથી કૌમોસમી વરસાદ (માવઠા) અને ચોમાસામાં વરસાદ ખેંચાવાના કારણે ધરતીપુત્રોને પાકમાં ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી ખેડૂતોને ઉગારવા માટે તેમના છેલ્લા ત્રણ વર્ષના તમામ દેવા માફ કરવામાં આવે તેવી ખાસ પ્રાર્થના અને નમ્ર માંગણી સરકારશ્રી સમક્ષ કરવામાં આવી છે.

તારીખ : 19/09/2026

# લાઠીમાં 7600 દીવા પ્રગટાવી પીએમના જન્મદિનની ઉજવણી



સુરતના એચ.કે. હબ ખાતેના દૂધાળા ભારતમાતા સરોવર અને સિદ્ધપુરના સરસ્વતી નદી કિનારે આવેલા હીરાબા સરોવર ખાતે હરિકૃષ્ણ ગ્રુપ તથા ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૯મા જન્મદિન નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.૭૬૦૦ દીવડાઓ પ્રગટાવી વડાપ્રધાનને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો અને નાગરિકોએ વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય, યશસ્વી સ્વાસ્થ્ય અને રાષ્ટ્રસેવાના કાર્યમાં ઉત્તરોત્તર પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. દેશભક્તિ અને ઉત્સાહભર્યા માહોલમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.

કે.ડી NEWS

તારીખ : 19/09/2026

# જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

## જન-પ્રતિનિધિશ્રીઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવવા પર ભાર મૂકતાં જિલ્લા કલેક્ટરશ્રી

અમરેલી તા.૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ - અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને અને ધારી-બગસરા-ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડિયા તથા લાઠી-બાબરા મત વિસ્તારના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં ક્લેક્ટર કચેરી ખાતે સપ્ટેમ્બર મહિનાની જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં અગાઉ રજૂ થયેલા પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવવા માટે સંબંધિત વિભાગોને જરૂરી સૂચના આપીને જરૂરી કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો હતો.ધારાસભ્ય શ્રી જે.વી.કાકડિયા દ્વારા ધારી સિટી વિસ્તારમાંથી પસાર થતા સ્ટેટ્સ હાઈવે પરના ટ્રાફિકનું નિવારણ, નિર્માણાધીન માર્ગોની કામગીરી ઝડપી પૂર્ણ કરવા, ધારી-બગસરા-ખાંભા વિસ્તારમાં સ્પોર્ટ્સ સંકુલ નિર્માણ માટેના સૂચન બાદ થયેલી કામગીરીની પ્રગતિ અંગે, ચોમાસાને ધ્યાને લઈને ખેડૂતોને વાયર ફેન્સિંગ કામગીરી માટે મુદ્દતમાં વધારો કરી આપવા સહિતના પ્રશ્નો બેઠકમાં રજૂ કરવામાં આવ્યા હતા. ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા દ્વારા જમીન માપણી અને જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી ડેનીભાઈ પરમાર દ્વારા પણ જનહિતના વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.વધુમાં જિલ્લા કલેક્ટરશ્રીએ ખેડૂતોને રાસાયણિક ખાતર અને અન્ય જરૂરી પુરવઠાનો નિયમિત પ્રવાહ મળતો રહે તે માટે જરૂરી દિશા-નિર્દેશ આપ્યા હતા. સાથો સાથ જનપ્રતિનિધિશ્રીઓના પ્રશ્નોનું આંતરિક સંક્લનથી હકારાત્મક ઉકેલ લાવવા માટે સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની પણ બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા માસિક વિતરણ અંગેની માહિતી આપવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રજાપતિ, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, નિવાસી અધિક કલેકટરશ્રી એ.એ.ડોડિયા, સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ સહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

# એન્જિનિયર્સ ડે નિમિત્તે બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા ૫૦ ઈજનેરોનું સન્માન



એન્જિનિયર્સ ડે નિમિત્તે બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપતા વિવિધ વિભાગોના ઈજનેરોના સન્માનનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.આ અંતર્ગત આર. એન્ડ બી. સ્ટેટ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ, પીજીવીસીએલ તેમજ વિવિધ સંસ્થાઓમાં ફરજ બજાવતા કુલ ૫૦ ઈજનેરોની કચેરીઓની રૂબરૂ મુલાકાત લઈ બ્રહ્માકુમારીઝ બહેનો દ્વારા તેમનું ઈશ્વરીય સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઈજનેરોને ચંદનનું શીતળ તિલક કરી, ખુશીઓનો બેસ, ઈશ્વરીય ભેટ તેમજ પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. ઈજનેરો દ્વારા સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે કરવામાં આવતી સેવાઓને બિરદાવી તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા આયોજિત આ અનોખા સન્માન કાર્યક્રમથી ઈજનેરોમાં પણ આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી હતી. આધ્યાત્મિકતા સાથે સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત સેવાભાવી વ્યક્તિઓનું સન્માન કરવાનો આ પ્રયાસ સરાહનીય રહ્યો હતો.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્રહ્માકુમારીઝના આઈ.પી. બારડ તથા વિમલભાઈ શેઠ સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

તારીખ : 19/09/2026

## જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા ગત તારીખ :- ૧૩/૦૯/૨૬ ને રવિવારના રોજ

# ગાયત્રી મંદિર ખાતે ગજાનંદ ગણપતિ મહોત્સવ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવેલ




જેમાં વિજેતા થયેલા તમામ બાળકોને આજરોજ તારીખ :- ૧૮/૦૯/૨૬ ને શુક્રવારના રોજ ઝાંસીની રાણી પાસે આવેલ ગિરનારી ગણેશ ખાતે ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આપણા લોકલાડીલા ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા સાહેબ હસ્તે બાળકોને પ્રોત્સાહિત રૂપી ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. તમામ વિજેતા બાળકોને માનનીય ધારાસભ્ય શ્રી એ શુભેચ્છાઓ પાઠવી હતી. અને ગિરનારી ગ્રુપે તમામનો હૃદય પૂર્વક આભાર માનેલ હતો.





કે.ડી. NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"આપણે ગુણવાન ભલે કદાચ
આવતા જનમમાં બની શકીએ,
પણ આ જનમમાં
ગુણાનુરાગી તો બની જઈએ !
દોષોનો નાશ ભલે આપણે
આવતા જનમમાં કરી શકીએ,
દોષો પ્રત્યે લાલ આંખ તો આ
જનમમાં કરતા રહીએ !"




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3520
19/09/2026
Saturday

आत्मा

"गुरुचरण" पर ही सदैव
चित्त रहे बस इस
जिवन मे यही एक
आर्शीवाद चाहिये

बाबास्वामी
19/9/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગલગલીયા

**ગ્રાહક :** શાકભાજીના ભાવ આટલા કેમ વધી ગયા?
શાકવાળો : સાહેબ, શાકમાં પણ હવે મોંઘવારીનો સ્વભાવ આવી ગયો છે...ગ્રાહક : એટલે?
શાકવાળો : રોજ સવારે ભાવ વધાર્યા વગર એને ચેન જ નથી પડતી! .........

**મિત્ર :** ભાઈ, આજે બજારમાં શું ખરીદ્યું?
બીજો મિત્ર : કંઈ નહીં!
મિત્ર : કેમ? બીજો મિત્ર : ભાવ જોયા પછી સમજાયું કે ખરીદી કરવા કરતાં માત્ર વિન્ડો શોપિંગ કરવું જ સસ્તું છે! ......

**મિત્ર :** શેરબજારમાં તારો શેર કેમ નીચે ગયો?
બીજો મિત્ર : ખબર નથી યાર!
મિત્ર : તો હવે શું કરીશ? બીજો મિત્ર : કશું નહીં... શેર ઉપર આવે ત્યાં સુધી હું પણ નીચે બેસીને રાહ જોઈશ! ...........

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 19 સપ્ટેમ્બર

# મહત્વની ઘટનાઓ

૧૯૬૨ -
અલગ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી તરીકે બળવંતરાય મહેતાએ શપથ લીધા

## જન્મ

૧૯૧૨ -
રૂબિન ડેવિડ - કાંકરિયા પ્રાણીસંગ્રહાલયના સ્થાપક.

## અવસાન

૧૯૬૫ –
બળવંતરાય મહેતા, ગુજરાત રાજ્યના પૂ. મુખ્યમંત્રી

૧૯૬૮ –
ચેસ્ટર કાર્લસન, અમેરિકન ભૌતિકશાસ્ત્રી, સંશોધક અને ફોટો કોપીઅર (ઝેરોક્ષ) મશીનના શોધક (જ. ૧૯૦૬)

૨૦૧૪ –
દમયંતી જોશી, કથક નૃત્ય સ્વરૂપના જાણીતા પ્રખર પ્રતિપાદક (જ. ૧૯૨૮)

તારીખ : 19/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




**હોલસેલ** ભાવે

નાની-મોટી

**ચીઠ્ઠી બુક**

## વિદ્યાર્થીઓ માટે



**રફ ચોપડા**

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

કે.ડી. NEWS

તારીખ : 19/09/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

તારીખ : 19/09/2026
કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



# આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| Instagram | Facebook | YouTube | WhatsApp |
|---|---|---|---|
| 84K | 56K | 43K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**